**રે.મુ.નંબર:૨૭૬/૨૦૧૪** **આંક:૨૦ લગત હુકમ**

(૧) વાદીએ આંક:૨૦ ની અરજીમાં રજુઆત કરેલ છે કે, પ્રા.વાદીએ તેમના તા.૧૦/૧૧/૧૪ ના લેખિત જવાબમાં સંતરામ સુપર માર્કેટવાળી મીલ્કત પૈકી પ્રથમ માળે આવેલ ૩૫ દુકાનો પૈકી કુલ ૨૭ દુકાનો પ્રા.વાદીએ વેચી દીધેલ છે અને બાકીની આઠ દુકાનો વેચવાની બાકી છે તથા તે મીલ્કતના બીજા માળે આવેલ ૩૫ દુકાનો પૈકી ૧૫ દુકાનો પણ વેચી દીધેલ હોવાનું કબુલ કરેલ છે પરંતુ, તેના દસ્તાવેજ કરવાના બાકી હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સંતરામ સુપર માર્કેટવાળી મીલ્કત વાદી નં.૧ ની પેઢીની માલીકીની છે અને તેથી તે મીલ્કતો પૈકી પ્રથમ માળે આવેલ ૨૭ દુકાનો પ્રા.વાદીએ વેચેલી છે, તે દુકાનો કયારે,કોને અને કેટલી કિંમતમાં વેચી તથા બીજા માળે આવેલ આવેલ ૩૫ દુકાનો પૈકી ૧૫ દુકાનો કોને , કયારે અને કેટલી રકમમાં વેચેલ છે, તેની વિગતો પ્રતિવાદીએ ના.કોર્ટમાં રજુ કરવાની તથા પંદર દુકાનો જેઓને વેચી છે તે દુકાનના દસ્તાવેજની નકલો પણ કોર્ટમાં રજુ કરવાની જરુર છે તથા બીજા માળે આવેલ ૩૫ દુકાનો પૈકીની ૨૫ દુકાનો વેચી કેટલી રકમ ઉપજેલ તેની વિગતો ઈરાદાપુર્વક જણાવેલ નથી. જે વિગતો કોર્ટ સમક્ષ લાવવી ન્યાયના હિતમાં જરુરી છે. વધુમાં અરજીમાં રજુઆત કરતા જણાવેલ છે કે, તેમની માહીતી મુજબ સંતરામ કોર્પોરેશન વાળી કેટલીક દુકાનો પ્રતિવાદીએ ભાડે પણ આપેલ છે અને ભાડુઆતો પાસેથી પ્રતિવાદીઓ ભાડું ઉઘરાવે છે તેમજ આનંદ રેસીડેન્સીવાળી મીલ્કત જેનું બાંધકામ હાલ ચાલુ છે તે પૈકી કેટલીક દુકાનો તથા ફલેટ પણ પ્રતિવાદીએ વેચાણ કરેલ છે અને એડવાન્સમાં વેચાણ કીંમત પેટે રકમો

લીધી છે તેમ જણાવી દાવાનો યોગ્ય રીતે નિકાલ કરવા પ્રતિવાદી નં.૧–૨ પાસેથી અરજીના પેરા.નં.(૪) તથા (૫) માં જણાવેલ ઈન્ટરોગેટરીઝની વિગતો મેળવવા પરવાનગી આપવા રજુઆત કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

– પ્રતિવાદીએ સંતરામ સુપર માર્કેટ પૈકી પ્રથમ માળે આવેલ ૩૫ દુકાનો પૈકી ૨૭ દુકાનો જે વેચી દીધેલ છે, તે દુકાનો જેને વેચી હોય તેઓના નામ સરનામા તથા તેના અવેજની વિગતો.

– સંતરામ સુપર માર્કેટ પૈકી બીજા માટે આવેલ ૩૫ દુકાનો પૈકી ૧૫ દુકાનો પ્રા.વાદીએ વેચીદીધેલ છે પરંતુ, દસ્તાવેજ કરવાના બાકી છે, તે મીલ્કત કયા ઈસમોને વેચી છે અને તેનો કેટલો અવેજ પ્રા.વાદીએ મેળવેલ છે,તેનીવિગતો

– સંતરામ સુપર માર્કેટ માં આવેલ દુકાનો પૈકી કેટલી દુકાનો કોને,કયારે અને કેટલા ભાડેથી ભાડે આપી છે, તેની વિગત

– વાદી નં.૧ પેઢીનું બેંક એકાઉન્ટ પ્રા.વાદી નં.૧ એ તા.૨/૩/૧૦ પછી ઓપરેટ કર્યુ છે કે કેમ તથા તા.૨/૩/૧૦ પછી વાદી પેઢી અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર પ્રા.વાદી નં.૧–૨ એ કરેલ છે કે કેમ ?

– **પ્રતિવાદી નં.૩ નાએ** દાવા અરજીના પેરા.નં.૩(બ) માં વર્ણવેલ મીલ્કત જેમાં આનંદ રેસીડેન્સીના નામે એપાર્ટમેન્ટનું બાંધકામ થાય છે તે મીલ્કત ખરીદવા માટે પ્રા.વાદી નં.૩ એ પોતાની કેટલી મુડી રોકી છે, તેની વિગત તથા તે મુડી કયાંથી લાવ્યા તેની વિગત.

– **પ્રતિવાદી નં.૩ નાએ** આનંદ રેસીડન્સીના બાંધકામ માટે પ્રા.વાદી નં.૩ કોની પાસેથી કેટલી રકમની લોન વ્યાજે લીધી તેની

વિગત.

– **પ્રતિવાદી નં.૩ નાએ** આનંદ રેસીડેન્સીની સ્કીમમાં પ્રા.વાદી નં.૩ એ કેટલી દુકાનો તથા ફલેટ વેચાણ કરેલ છે તેની વિગત તથા જે દુકાનો તથા ફલેટ જેને વેચાણ કર્યા હોય તે ઈસમોના નામ સરનામા તથા તેમની પાસેથી કેટલો અવેજ મેળવ્યો તેની વિગત–

ઉપરોકત ઈન્ટરોગેટરીઝ પ્રતિવાદીઓને ડીલીવર કરવાની પરવાનગી આપવા જરુરી હુકમ કરવા તથા પ્રતિવાદીઓ ઉપરોકત ઈન્ટરોગેટરીઝનો જવાબ આપે તેવો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૨) વાદીની હાલની અરજી અન્વયે પ્રતિવાદી નં.૧ નાએ આંક:૨૩ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં અરજીની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, વાદીની અરજી કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી.ભારતીય ભાગીદારી અધિનીયમની કલમ–૬૯ મુજબ વાદીનો દાવો ચાલી શકે તેમ નથી તથા વાદી પેઢીને સંતરામ સુપર માર્કેટવાળી મીલ્કત તથા આનંદ રેસીડેન્સી સાથે લેવાદેવા નથી, જેથી સદરહું મીલ્કતો અંગેની પ્રશ્નાવલી માટે પરવાનગી આપી શકાય નહી. વધુમાં જવાબમાં જણાવેલ છે કે, જે મીલ્કતો વેચવામાં આવી છે તે પૈકી બધી મીલ્કતો પ્રા.વાદી નં.૪ એ વેચી નથી પરંતુ, કેટલીક મીલ્કતો દીનેશભાઈએ વેચી છે, જેથી તેના અંગેની તેઓને માહીતી હોઈ શકે નહી અને દીનેશભાઈ આ દાવામાં પક્ષકાર નહી હોવાથી તેમણે વેચેલ મીલ્કતો અંગેની પ્રશ્નાવલી મંજુર થઈ શકે નહી. વાદીનો દાવો કમીશ્નર નીમી હીસાબ લેવાનો છે, તે સંજોગોમાં વાદી જે પ્રકારની માહીતી માંગે છે તે પ્રકારની માહીતી જો કમીશ્નર નીમવાનો હુકમ થાય તો જ અને તે પણ સંબંધીત હોય તો આપવાની રહે. આ સંજોગોમાં

વાદીની પ્રશ્નાવલી પ્રીમેચ્યોર્ડ છે. વધુમાં જણાવે છે કે, વાદીને ''સંતરામ સુપર માર્કેટ'', ''આનંદ રેસીડેન્સી'', સંતરામ ડેવલપર્સ'', અને તુલસીપાર્ક સાથે કોઈ લેવાદેવા નથી અને જયાં સુધી આ બાબત નકકી ન થાય ત્યાં સુધી તે અંગેની પ્રશ્નાવલી મંજુર થઈ શકે નહી. જેથી વાદી અરજીમાં જણાવે છે તેવી કોઈ વિગતો લખવાની જવાબમાં જરુર ન હોય લખેલ નહી. આમ, જણાવી વાદીની અરજી ખર્ચ સાથે રદૃ કરવા તથા પ્રતિવાદીઓને ખર્ચ અપાવવા અરજ ગુજારેલ છે.

(૩) સદર અરજીના અનુસંધાને વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૧) તા.૧૮/૪/૧૫ ના રોજ પ્રતિવાદીઓને વાદીએ આપેલ નોટીસની ઓફીસ કોપી– ની.૨૯/૧

(૨) પ્રતિવાદી નં.૧ ને નોટીસ મળ્યા અંગેની આર.પી.એ.ડી.ની અસલ રસીદ – ની.૨૯/૨

(૩) પ્રતિવાદી નં.૨ ને નોટીસ મળ્યા અંગેની આર.પી.એ.ડી.ની અસલ રસીદ – ની.૨૯/૩

(૪) પ્રતિવાદી નં.૩ ને નોટીસ મળ્યા અંગેની આર.પી.એ.ડી.ની અસલ રસીદ – ની.૨૯/૪

(૪) સદર અરજીના અનુસંધાને પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૧) સંતરામ ડેવલોપર્સના બેંક ખાતાના સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ – ની.૩૨/૧

(૨) વાદીની નોટીસનો પ્રા.વાદીએ આપેલ જવાબ

– ની.૩૨/૨

(૩) વાદીએ ગુજરાત સમાચાર માં આપેલ જાહેર નોટીસનું પેપર કટીંગ – ની.૩૨/૩

(૪) કિ.તા.નં.૩ ની જાહેર નોટીસનો પ્રા.વાદીના વકીલે આપેલ જવાબ – ની.૩૨/૪

(૫) વાદી વકીલે પ્રતિવાદીઓને આપેલ નોટીસ – ની.૩૨/૫

(૬) કિ.તા.નં.૫ ની નોટીસનો પ્રા.વાદીના વકીલે આપેલ જવાબની નકલ – ની.૩૨/૬

(૭) આર.પી.એ.ડી.ની અસલ એકનોલેજમેન્ટ– ની.૩૨/૭

(૫) સદર અરજી અનુસંધાને વાદી પક્ષે વિ.વ.શ્રી.એન.એસ.પટેલની દલીલોમાં રજૂઆત છે કે, વાદીએ સદરહુ અરજી CPC O-11 R-02 હેઠળ ઈન્ટરોગેટરીઝ આપવા માટે રજૂ કરેલ છે. મૂળભાગીદારી પેઢીનાં ભાગીદારો પૈકી પાર્વતીબેનનું તા. ૨/૩/૧૦નાં રોજ અવસાન થયેલ પરંતુ ભાગીદારી પેઢીની શરતો મુજબ ભાગીદારનાં અવસાન થતાં ભાગીદારીનો અંત આવશે નહિ તેવી શરત છે. અરજીનાં પેરા ૪–અ થી ૪–ક અંગેની વિગતો પ્રતિવાદીએ લેખિત જવાબ રજૂ કરતાં જાણવા મળેલ છે. તેમજ પેરા ૫–અ થી ૫–૬ ની વિગતો પેઢીની મિલ્કત હોવાથી પેઢીનાં નાંણામાંથી ખરીદ કરેલ હોવાથી આ વિગતો રેકર્ડ લાવવી જરૂરી છે. વાદીએ નિ ૩/૧૩ થી રજૂ કરેલ બાનાખત પેઢીના નામનું છે જયારે, પ્રતિવાદી નં.–૩ નાં નામે દસ્તાવેજ

કરાવી લીધેલ છે આથી પ્રતિવાદી નં.–૩ આ રકમ કયાંથી લાવ્યા તે રેકર્ડ ઉપર લાવવું જરૂરી છે. સદરહુ અરજી પૂરાવો ટૂંકાવવાનાં આશયથી રજૂ કરેલ છે. આથી અરજી મંજૂર કરવા રજૂઆત કરેલ છે તથા પોતાની દલીલોનાં સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ કરેલ છે.

(1) AIR 2000 Kerala 24

(2) AIR 1998 Bom 302

(3) AIR 1985 Cal. 2

(4) AIR 1979 S.C. 1880

પ્રતિવાદીનાં વિ. વ.શ્રી. ડી.એમ.શાહની દલીલોમાં મુખ્યત્વે રજૂઆત છે કે, આ પ્રકારની અરજી અંગે પક્ષકારનું પ્લીડીંગ્સ જોવું જોઈએ. જે સવાલો પૂછવામાં આવ્યા છે તે દાવાને લગતાં છે કે નહિ તે જોવું જોઈએ. કોઈ પક્ષકારને ખોટી રીતે જોડવામાં આવ્યા હોય તેમજ તેમની પાસેથી આ પ્રકારે માહિતી પણ માંગવામાં આવે તે ચાલી શકે નહિ. પ્રતિવાદી નં. (૩) એ વાદી નં.–(૧) પેઢી માટે ત્રાહીત વ્યકિત છે જેને પેઢીનાં ધંધા સાથે કોઈ લેવા દેવા નથી છતાં જોડેલ છે તા. ૨૪/૧/૯૧નાં રોજ ભાગીદારીનો દસ્તાવેજ જોતા, ભાગીદાર અમરનાથ વર્મા ગુજરી જતાં પાર્વતીબેનને પાર્ટનર બનાવેલ અને તેઓ તા. ૨/૩/૧૦ નાં રોજ ગુજરી ગયાં બાદ નવું પાર્ટનરશીપ ડીડ બનાવવામાં આવેલ નથી. પ્રતિવાદી નં. (૧) (૨) એ નવું ડીડ તૈયાર

કરેલ જેની નકલ રજૂ કરેલ છે પરંતુ વાદી નં.(૨) એ સહી કરેલ નથી.

વાદીનો દાવો ધી પાર્ટનરશીપ એકટની કલમ ૬૯(૧) મુજબ બાધ નડતો હોય ચાલવા પાત્ર નથી. દાવા અરજીનાં પેરા ૩–બી વાળી મિલ્કત વાદી નં–(૧) પેઢીની નથી. દસ્તાવેજ પ્રતિવાદી નં.–(૩)નાં નામે છે મિલ્કત ખરીદવા માટેનું ફંડ પેઢીનું છે કે પ્રતિવાદી નં.–(૩) નું, એ પુરાવાનો વિષય છે. ભારતીય પુરાવા અધિ. કલમ ૯૧ અને ૯૨ મુજબ પ્રતિવાદી નં.–(૩) આ પ્રકારની માહિતી આપવા જવાબદાર નથી.

પેરા–૩(બી) ની મિલ્કતો પેઢીની નથી આથી તે વિશેની ઈનટોગેટરીઝ આપી શકાય નહિ. જો પેઢીએ નાંણા આપ્યા હોય અને બીજા વ્યકિતનાં નામે મિલ્કત ખરીદ કરવામાં આવી હોય તો બેનામી ટ્રાન્ઝકશન કહેવાય. જેના માટે બેનામી એકટની કલમ (૪) મુજબ દાવો કરવા માટે પ્રતિબંધ છે. આંક ૨૦ની અરજીનાં પેરા ૫–(અ) થી (ક) સુધીની ઈન્ટરોગેટરીઝ આપી શકાય નહિ બાનાખત પ્રતિવાદી નં.–(૩) ના નામે હતું પેઢીનાં નામે નહિ. વાદીનાં દાવાનાં સ્વરૂપ જોતા, દાવો એકાઉન્ટ તથા અન્ય દાદ માટેનો છે આથી જો વાદી સફળ થાય તો પ્રાથમિક હુકમનામુ દોરવામાં આવે. આમ વાદી આ તબકકે પોતાનાં પુરાવાનો તમામ બોજો કોર્ટ કમીશનર ઉપર ઢોળી દેવા માંગે છે. જો આ પ્રકારની અરજી મંજૂર કરી પ્રતિવાદી નં. (૩) ને ફરજ

પાડવામાં આવે તો ટ્રાયલ ની જરૂર પડે નહિ. કાયદાનો આવો હેતુ નથી. કાયદાનો હેતુ તકરારને ન્યૂનતમ કરવાનો છે. આથી વધુમાં વધુ માત્ર પેરા–૪ એ થી ૪– ડી મુજબની ઈનટોગેટરીઝ મંજુર કરી શકાય જયારે, પેરા.નં.૫(અ) થી ૫(ક) ની ઈન્ટરોગેટરીઝ નામંજૂર કરવી જોઈએ તેવી રજૂઆત કરેલ છે.

રીપ્લાયમાં વાદી વ.શ્રી. એન.એસ.પટેલની રજૂઆત છે કે, આ તબકકે વાદી પુરાવો રજૂ કરતાં નથી આથી કલમ ૯૧ તથા ૯૨ લાગુ પાડી શકાય નહિ. પ્રતિવાદી નં.–(૩) ના નામે ખરીદ કરેલ દસ્તાવેજનું સ્વરૂપ જુદુ છે અને સાચાં ખરીદનાર પેઢી છે. પ્રતિવાદીએ બાનાખતની કરાર અંગે તકરાર ઉઠાવેલ નથી કે બાનાખત થયેલ નથી તેવી તકરાર ઉઠાવેલ નથી પરંતુ સ્વીકારેલ છે. તેની નકલ પણ રજુ થયેલ છે. આથી AIR 1985 કલકતાં પાના નં.–(૨) ઉપર પ્રસિધ્ધ ચૂકાદાનાં પેરા (૨૫) તથા (૨૯) ધ્યાને લેવા જોઈએ. બેનામી ટ્રાન્ઝેકશન એકટ કલમ (૩) માં પર્સન શબ્દનો ઉપયોગ કરેલ છે. આથી સદરહુ જોગવાઈઓ પેઢી, કોર્પોરેશન કંપની વિગેરેને લાગુ પડે નહિ. દાવા અરજીનાં પેરા ૩ (બી) માં જણાવેલ મિલ્કતો પ્રતિવાદી નં.–(૩) એ પ્રોડયુસરી કેપેસીટી માં ખરીદ કરેલ છે. જેથી બેનામી એકટ હેઠળ બાધ નડતો નથી. નિ ૩/૧૩ થી રજૂ બાનાખતમાં વાદી સાક્ષી નહિ પરંતુ પક્ષકાર તરીકે સહીકર્તા છે નિ ૩/૧૭ થી ૩/૨૧ થી પેઢી ધ્વારા નાંણા ચૂકવવા

અંગેનાં સ્લીપની નકલો છે. પ્રતિવાદી નં.(૩) માત્ર ઓસ્ટેનશીબલ ઓનર છે પ્રતિવાદીને નિ ૧૯/૧ થી રજૂ પાર્ટનરશીપ ડીડ સહી કરવા માટે વાદીએ ના પાડેલ નથી કે તે માટે વાદીને પ્રતિવાદીએ કોઈ નોટીસ આપેલ નથી. આથી તે હકીકત માની શકાય નહી. પાર્ટનરશીપ એકટની કલમ ૬૯ અન્વયેની દલીલ શકી શકે તેમ નથી તે અંગે વાદીએ દાવો દાખલ કરતી વખતે કરેલ રજૂઆત ગ્રાહય રાખવામાં આવેલ છે. આથી વાદીની આંક – ૨૦ની અરજી મંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૬) પક્ષકારોની દલીલો તથા કેસ રેકર્ડ વંચાણે લીધું વાદીએ સદરહુ આંક –૨૦ની અરજી સી.પી.સી. ઓર્ડર–૧૧ રૂલ (૨) તથા (૩) મુજબ દાખલ કરેલ છે. કેટલીક મહત્વની જોગવાઈઓ ઘ્યાને લેવી જરૂરી છે.

- સી.પી.સી.ઓર્ડર–૧૧રૂલ–(૨),(૩),(૬),(૮),(૯),(૧),(૨૨) વંચાણે લીધી.
- બેનામી ટ્રાન્ઝેકશનન્સ (પ્રોહીબીશન) એકટની કલમો ૩, ૪ (૧), ૪ (૩) (એ) (બી) વંચાણે લીધી.
- ભારતીય ભાગીદારી ધારાની કલમ–૬૯(૧)(૩)(૪),૪૨,૪૬ વંચાણે લીધી.

(૬.૧) વાદીએ આંક– ૧નાં પ્લીડીંગ્સમાં પેરા ૩ (બી) માં જણાવેલ

મિલ્કત વાદી નં.–૧ પેઢીનાં નાણાં માંથી ખરીદ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પ્રતિવાદીએ આંક–૧૫ નાં લેખિત જવાબમાં આ હકીકતનો ઈન્કાર કરેલ છે. આક:૧૫ ના જવાબમાં ત્રણ પ્રતિવાદીઓ પૈકી માત્ર પ્રતિવાદી નં.–૧ એ સહી, એકરાર, એફીડેવીટ કરેલ છે. પ્રતિવાદી નં.(૨) તથા (૩)ના એ આંક–૧૬ નાં પુરશીશ થી સદરહુ જવાબને પોતાનો જવાબ ગણી લેવા જાહેર કરેલ છે. આમ પ્રતિવાદી નં.(૩) વિશેની હકીકત પણ પ્રતિવાદી નં.–(૧) એ એફીડેવીટ ઉપર જાહેર કરેલ છે. આંક–૨૦ ની અરજીનો આંક–૨૩ થી રજૂ કરેલ જવાબમાં પણ સહી, એકરાર, એફીડેવીટ માત્ર પ્રતિવાદી નં.–(૧) એ કરેલ છે. પ્રતિવાદી નં.૩ એ પેરા.નં.૫(અ) થી ૫(ક) અંગે એફીડેવીટ ઉપર કોઈ હકીકત જાહેર કરેલ નથી. પ્રતિવાદી નં.(૩) નાએ એફીડેવીટ ઉપર ઈન્કાર કરેલ નથી. પ્રતિવાદી નં.(૧) વાદી નં.(૧) પેઢીના ભાગીદાર ઉપરાંત પ્રતિવાદી નં.(૩) ના પિતા છે. પ્રતિવાદી નં.૩ એ વ્યકિતગત અલગ એડવોકેટ રોકી પોતાનો અલગ જવાબ રજુ કરેલ નથી. કોમન પ્લીડીંગ્સ રજુ કરેલ છે.

(૬.૨) વાદીએ સદરહુ દાવો ભાગીદારી પેઢીનાં વિસર્જન માટે પેઢીનાં હિસાબો મેળવવા માટે કાયમી મનાઈ હુકમો મેળવવા માટે દાખલ કરેલ છે. વાદી નં. (૧) ભાગીદારી પેઢી છે. વાદી નં. (૨) તેના ભાગીદાર છે. પ્રતિવાદી

નં. (૧) તથા (૨) પણ ભાગીદાર છે જયારે પ્રતિવાદી નં. (૩) પ્રતિવાદી નં. (૧) નાં પુત્ર છે. ધી ઈન્ડીયન પાર્ટનર શીપ એકટની કલમ ૬૯ (૧) વંચાણે લેતાં વાદી નં.–૧ પેઢી નોંધાયેલ ભાગીદારી પેઢી નથી પરંતુ કલમ ૬૯ (૩) (એ) વંચાણે લેતાં તથા દાવો દાખલ કરતી વખતે વાદી તરફે રજૂ કરેલ ઓથોરીટી AIR 1986 ALL 32 D.C. Upreti V/S. B.D. Karnatak વંચાણે લેતાં દાવાને કલમ ૬૯ (૧) કે (૨) નો બાધ નડતો નથી તેવું સ્પષ્ટપણે જણાય છે. આથી પ્રતિવાદી પક્ષની ભારતીય ભાગીદારી ધારીની કલમ ૬૯ નો બાધ નડતો હોવા અંગેની તકરાર ચાલી શકે તેમ નથી.

(૬.૩) પ્રતિવાદીઓના વિ.વ.શ્રીએ બેનામી ટ્રાન્ઝેકશન અંગેનો પણ મુદ્દો ઉઠાવેલ છે. પ્રતિવાદી પક્ષની વધુ રજૂઆત છે કે પ્રતિવાદી નં.–(૩) એ દાવા અરજીનાં પેરા ૩ (બી) માં જણાવેલ મિલ્કત ભાગીદારી પેઢીનાં નાંણામાંથી ખરીદ કરેલાની હકીકત તાર્કિક દલીલ ખાતર માની લેવામાં આવે તો પણ આ ટ્રાન્ઝેકશન એ બેનામી કહેવાય અને તે માટે બેનામી ટ્રાન્ઝેકશન (પ્રોહીબીશન) એકટની કલમ ૪ (૧) મુજબ દાવો કરી શકાય નહિ. જયારે વાદી પક્ષની રજૂઆત છે કે સદરહુ જોગવાઈ એ ''વ્યકિત'' માટે છે સંસ્થા,પેઢી,કંપની વિગેરે માટે નથી આથી કલમ ૪(૧) નહિ પરંતુ કલમ ૪(૩) (એ) લાગુ પડે. પ્રતિવાદી વકીલશ્રી દ્વારા કલમ–(૩) તથા

(૪) ની નકલ પણ રજુ કરેલ છે. જવાબમાં પ્રતિવાદી તરફે આ અંગેનો મુદ્દો ઉઠાવેલ નથી પરંતુ, દલીલો એ પણ પ્રોસીડીંગ્સનો ભાગ છે. ધી બેનામી ટ્રાન્ઝેકશન(પ્રોહીબીશન)એકટ ૧૯૮૮ ની કલમ–૫ મુજબ પ્રોપર્ટી જો બેનામી જાહેર થાય તો તેને નિયમોનુસાર ખાલસા કરવી જોઈએ, કલમ–૮(૨)(એ) થી (સી) – માં આ પ્રકારની બેનામી મીલ્કતો ખાલસા કરવા માટેની કાર્યવાહી કરવા માટે સક્ષમ હકુમત/ઓથોરીટી કાર્યવાહી વિગેરે અંગેની જોગવાઈ છે.

વાદી તરફે નિ ૩/૧૩ થી રજૂ કરેલ બાનાખતની નકલ જોતાં સદરહુ બાનાખત તા.૪/૯/૯૭ નાં દિને કરવામાં આવેલ જેમાં લખાવી લેનાર તરીકે સુભાષચંદ્ર અમરનાથ વર્મા છે જયારે લખી આપનાર તરીકે દિનેશભાઈ હર્ષદભાઈ પટેલ છે જેમાં પ્રતિવાદી નં. (૩)ની સહી નથી કે તેઓ કરારનાં પક્ષકાર નથી. પ્રતિવાદી નં.(૧) એ વાદીનં.(૧) પેઢીનાં ભાગીદાર છે. આમ નિ.૩/૧૩ બાનાખત જે વ્યકિતનાં નામે થયેલ છે તેઓનાં નામે વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ નથી. નિ. ૧૯/૭ થી રજૂ કરેલ વેચાણ દસ્તાવેજની નકલ જોતાં તેમાં ખરીદનાર તરીકે પ્રતિવાદી નં.(૩)ને શ્રી સંતરામ ડેવલપર્સના પ્રોપરાઈટર રાકેશકુમાર સુભાષચંદ્ર વર્મા તરીકે દર્શાવેલ છે. ઉપરાંત ની.૩/૧૩ થી રજુ બાનાખતમાં મીલ્કતની કિંમત રૂા. એક કરોડ

દસ લાખ દર્શાવેલ છે. જયારે વેચાણ દસ્તાવેજ રૂા.વીસ લાખનો કરવામાં આવેલ છે. વેચાણ દસ્તાવેજ <u>તા. ૩/૫/૨૦૦૦</u> નાં રોજ કરવામાં આવેલ તે સમયે પ્રતિવાદી નં.(૩) રાકેશકુમાર સુભાષચંદ્ર વર્માની <u>ઉંમર ૨૪ વર્ષ</u> દર્શાવેલ છે. જયારે, ની.૩/૧૩ વાળું બાનાખત તા.૪/૭/૯૭ ના રોજ કરવામાં આવ્યું ત્યારે પ્રતિવાદી નં.(૩) ની ઉંમર ૨૧ વર્ષની હોઈ શકે. વેચાણ દસ્તાવેજમાં અવેજની રકમ રૂ. વીસ લાખ દર્શાવેલ છે. જે તારીખ ૧૫/૪/૨૦૦૦ તથા તા. ૧૮/૪/૨૦૦૦નાં રોજનાં ચાર અલગ અલગ ચેક દ્વારા ચૂકવવામાં આવેલ, તે ચેક નંબરો ૦૬૩૩૩૬, ૦૬૩૩૩૭, ૦૬૩૩૩૮ તથા ૦૬૩૩૩૯ છે. વાદી પક્ષે પણ નિ ૩/૧૬ થી ૩/૨૧ થી નડીયાદ પીપલ્સ કો.ઓ.બેંકના ચેકોની કાઉન્ટર ફાઈલની નકલો રજૂ કરેલ છે. નિ ૩/૨૩ થી વાદીનં.-(૧) પેઢીનાં એકાઉન્ટની નકલો તથા નિ.૩/૨૪ થી સંતરામ ડેવલપર્સના સરવૈયાની નકલ રજૂ કરેલ છે. જેમાં પ્રતિવાદી નં.(૩) ને દાવા અરજીનાં પેરા ૩(બી) વાળી મિલ્કત વેચાણ આપનાર દિનેશભાઈ હર્ષદભાઈ પટેલને ચૂકવેલ નાણાંની વિગતોનાં પુરાવાની નકલો રજૂ કરેલ છે. પ્રતિવાદી નં.(૩) તરફે નિ. ૩૨/૧ થી શ્રી સંતરામ ડેવલપર્સ નું તારીખ/૧/૧૦/૯૯ થી તા. ૩૧/૧૨/૨૦૦૮નાં રોજનું બેંક સ્ટેટમેન્ટની નકલ રજૂ કરેલ છે. જેમાં વેચાણ દસ્તાવેજમાં જણાવેલ ચારેય ચેકોની

એન્ટ્રીઓ જોઈ શકાય છે. પરંતુ પ્રતિવાદી નં.–૧ કે ૩ ના એ પોતાનાં ઈન્કમ ટેક્ષ રીટર્નની નકલો રજૂ કરેલ નથી. પ્રતિવાદી નં.(૧) થી (૩) એ નિ.૩/૧૩ થી રજુ બાનાખત રદૃ કરવામાં આવેલ હોવાનું પ્લીડીંગસમાં જણાવેલ નથી કે તે અંગેનો પુરાવો રજુ કરેલ નથી. વાદી વ.શ્રીએ પ્રતિવાદી નં.(૩) OSTANSIBLE OWNER દેખીતા ખરીદનાર હોવાની દલીલોમાં રજુઆત કરેલ છે. રજુ થયેલ ભાગીદારીના લેખમાં જો કોઈ ભાગીદાર મૃત્યુ પામે તો ભાગીદારી પેઢી બંધ થયેલી ગણાશે નહી. તેવી શરત કરેલ છે. પ્રતિવાદી નં.(૧) ને દાવા અરજીના પેરા.નં.(૩)એ વાળી મીલ્કત સંબંધે પાવર ઓફ એટર્ની આપવામાં આવેલ. પ્રતિવાદી નં.(૩) ના આવકના સ્ત્રોત જાહેર કરવામાં આવેલ નથી. સદરહું દાવો ભાગીદારી પેઢીના વિસર્જન તથા હિસાબો માટેનો છે. આથી વાદી પક્ષે રજુ કરેલ પ્રશ્નાવલી કેસનાં ન્યાય નિર્ણય માટે જરુરી છે. તેમ હું માનું છું.

(૬.૪) વાદી તરફે રજૂ કરેલ ઓથોરીટીઓ જોતાં, (1) AIR 2000 Kerala 24 પર પ્રસિધ્ધ પી.બાલન વિ. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, કાલીકટ – ના ચુકાદામાં ઠરાવેલ છે કે CPC 0-11-R-1 મુજબ ઈન્ટરોગેટરીઝ પક્ષકારને પોતાનો કેસ સાબિત કરવા અથવા સામા પક્ષનો કેસ ડીસ્ટ્રોય કરવા આપવી જોઈએ. આ પ્રકારે ખર્ચ અને કાર્યવાહીનો સમયગાળો ટૂંકાવી શકાય.

આ ઈન્ટરોગેટરીઝ દાવામાં હકીકતનાં પ્રશ્ન સંબંધે અથવા ઉભા થયેલ મુદ્દા અંગે આપી શકાય. તથા (2) AIR 1998 Bombay 302 પર પ્રસિધ્ધ સોનીયા સીનરોય વિરુધ્ધ અમીત સીનરોય– ના ચુકાદામાં ચર્ચા કરેલ કેસમાં પત્નીએ પતિ સામે કાયમી ભરણપોષણ મેળવવા માટે દાદ માંગેલ. જેમાં પેરા ૧૩ માં ઠરાવેલ છે કે, કાયદાની પ્રસ્થાપિત સ્થિતિ એવી છે કે, સામાન્ય રીતે ઈન્ટરોગેટરીઝ મંજૂર કરવી જોઈએ, જયારે આ ઈન્ટરોગેટરીઝનાં જવાબો પક્ષકારનાં કેસને અસરકર્તા હોય અથવા સામા પક્ષનાં કેસને નષ્ટ કરવા માટે હોય. વળી વાદી તરફે રજુ થયેલ ઓથોરીટી (3) AIR 1985 Calcata 2 - પર પ્રસિધ્ધ રાજ બાલવ દાસ વિરુધ્ધ હરીપાડા દાસનો ચુકાદો વંચાણેલીધો. સદરહુ ચૂકાદાનાં પેરા (૨૫) તથા ૨૮ તથા ૨૯ વંચાણે લીધા પેરા– ૨૮ માં ઠરાવેલ છે કે બેનામી ટ્રાન્ઝેકશન છે તે દર્શાવવાની બોજો તેના ઉપર છે જે ટ્રાન્ઝેકશનને બેનામી જણાવે છે તથા જો એવું સાબિત થાય કે વેચાણ અવેજની રકમ એ મિલ્કત જેનાં નામે ટ્રાન્સફર થઈ છે તે સિવાયનાં વ્યકિત ધ્વારા ચૂકવવામાં આવેલ તો વેચાણ એ પ્રથમ દર્શનીય રીતે વેચાણ અવેજ ચૂકવનારનાં લાભાર્થે કરવામાં આવેલ હોવાનું માનવું જોઈએ સિવાય કે વિરુધ્ધનું પુરવાર થાય. સદરહુ હસ્તાંતરનો સાચાં પક્ષકાર કોણ હતાં, પક્ષકારો વચ્ચેનો સંબંધ, આ જુબાની સ્થિતી, પક્ષકારોનો હેતુ વિગેરે તમામ

બાબતો ઘ્યાને લેવી જોઈએ. સદર ઓથોરીટીના પેરા.નં.૨૮ માં જણાવેલ છે કે, ''The Principle governing the determination of the question whether a transfer is a benami transaction or not may be summed up thus : (1) the burden of showing that a transfer is a benami transaction lies on the person who asserts that it is such a transaction; (2) if it is proved that the purchase money came from a person other than the person in whose favour the property is transferred, the purchase is prima facie assumed to be for the benefit of the person who supplied the purchase money, unless there is evidence to the contrary; (3) the true character of the transaction is governed by the intention of the person who has contributed the purchase money and (4) the question as to what his intention was has to be decided on the basis of the surrounding circumstances, the relationship of the parties, the motive governing their action in bringing about the transaction and their subsequent conduct etc.

તથા વાદી તર્ફે રજુ થયેલ (4) AIR 1979 S.C. 1880 પર પ્રસિઘ્ધ શ્રીમતી ક્રિષ્ણાબાઈ ગણપતરાવ દેશમુખ વિરુઘ્ધ અપ્પાસાહેબ તુલજારામરાવ નીમ્બલકર અને બીજાઓનો ચુકાદો વંચાણે લીધો. સદર ચુકાદાના **para No.27 "**Secondly, there is ample authority for the proposition that when there is a dispute in regard to the true character of a writing, evidence dehors the document can be

led to show that the writing was not the real nature of the transaction, but was only an illusory, fictitious and colourable device which cloaked something else, and that the apparent state of affairs was not the real state of affairs." વંચાણે લીધો.સદરહું તમામ ઓથોરીટીઓ માનસહ વંચાણે લીધી. તેમાં ઠરાવેલ સિંધ્ધાંતો શીરોમાન્ય છે. ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા, પેરા.નં.૪(એ) થી ૪(ડ) તથા ૫(અ) થી ૫(ક) માં જણાવેલ તમામ પ્રશ્નો દાવામાં જે મીલ્કતો અંગે તકરાર સમાયેલ છે તે સંદર્ભે જ છે. સદરહું ઈન્ટરોગેટરીઝ મંજુર કરવાથી દાવાનો વ્યાજબી રીતે ન્યાયિક નિર્ણય સરળતાથી થઈ શકશે તેમજ સમયનો અને ખર્ચનો બચાવ થઈ શકશે તેમ હું માનું છું. સબબ નીચે મુજબનો હુકમ કરું છું

## <u>હુકમ</u>

(૧) સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૧૧,રૂલ–ર મુજબઆંક– ર૦ની અરજી મંજૂર કરી વાદીને ઈન્ટરોગેટરીઝ પ્રશ્નાવલી આપવા પરવાનગી આપવામાં આવે છે.

(ર) આ કામનાં પ્રતિવાદી નં.–(૧) તથા (ર) નાઓને આંક ર૦ની અરજીનાં પેરા (૪–અ) થી (૪–ડ)માં દશાવ્યા મુજબ નીચે મુજબની ઈન્ટરોગેટરીઝ સીપીસી ઓર્ડર–૧૧ રૂલ ૪ મુજબ એપેન્ડીક્ષ–સી, ફોર્મ નં.ર માં મોકલવી જેનો પ્રતિવાદી નં.–૧–ર એ એપેન્ડીક્ષ–સી ફોર્મ નં.૩ મુજબ એફીડેવીટ ઉપર જવાબ દિન–૧૦ માં રજૂ કરવો

**૪(એ)** પ્રતિવાદીએ સંતરામ સુપર માર્કેટ પૈકી પ્રથમ માળે આવેલ ૩૫ દુકાનો પૈકી ૨૭ દુકાનો જે વેચી દીધેલ છે, તે દુકાનો જેને વેચી હોય તેઓના નામ સરનામા તથા તેના અવેજની વિગતો.

**૪(બી)** સંતરામ સુપર માર્કેટ પૈકી બીજા માટે આવેલ ૩૫ દુકાનો પૈકી ૧૫ દુકાનો પ્રા.વાદીએ વેચી દીધેલ છે પરંતુ, દસ્તાવેજ કરવાના બાકી છે, તે મીલ્કત કયા ઈસમોને વેચી છે અને તેનો કેટલો અવેજ પ્રા.વાદીએ મેળવેલ છે,તેનીવિગતો

**૪(સી)** સંતરામ સુપર માર્કેટ માં આવેલ દુકાનો પૈકી કેટલી દુકાનો કોને,કયારે અને કેટલા ભાડેથી ભાડે આપી છે, તેની વિગત

**૪(ડી)** વાદી નં.૧ પેઢીનું બેંક એકાઉન્ટ પ્રા.વાદી નં.૧ એ તા.૨/૩/૧૦ પછી ઓપરેટ કર્યુ છે કે કેમ તથા તા.૨/૩/૧૦ પછી વાદી પેઢી અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર પ્રા.વાદી નં.૧-૨ એ કરેલ છે કે કેમ ?

(૩) આ કામનાં પ્રતિવાદી નં.-(૩) ને આંક ૨૦ ની અરજીનાં પેરા નં.૫(અ) થી ૫(ક) માં દશાવ્યા મુજબ નીચે મુજબની ઈન્ટરોગેટરીઝ સીપીસી ઓર્ડર-૧૧ રૂલ ૪ મુજબ એપેન્ડીક્ષ-સી, ફોર્મ નં.૨ માં મોકલવી જેનો પ્રતિવાદી નં.-૩ એ એપેન્ડીક્ષ-સી ફોર્મ નં.૩ મુજબ એફીડેવીટ ઉપર જવાબ દિન-૧૦ માં રજૂ કરવો

**(૫)(અ) પ્રતિવાદી નં.૩ નાએ** દાવા અરજીના પેરા.નં.૩(બ) માં વર્ણવેલ મીલ્કત જેમાં આનંદ **રે**સીડેન્સીના નામે એપાર્ટમેન્ટનું બાંધકામ થાય છે તે મીલ્કત ખરીદવા માટે પ્રા.વાદી નં.૩ એ પોતાની કેટલી મુડી રોકી છે,

તેની વિગત તથા તે મુડી ક્યાંથી લાવ્યા તેની વિગત.

**૫(બ) પ્રતિવાદી નં.૩ નાએ** આનંદ રેસીડન્સીના બાંધકામ માટે પ્રા.વાદી નં.૩ કોની પાસેથી કેટલી રકમની લોન વ્યાજે લીધી તેની વિગત.

**૫(ક)** પ્રતિવાદી નં.૩ નાએ આનંદ રેસીડેન્સીની સ્કીમમાં પ્રા.વાદી નં.૩ એ કેટલી દુકાનો તથા ફલેટ વેચાણ કરેલ છે તેની વિગત તથા જે દુકાનો તથા ફલેટ જેને વેચાણ કર્યા હોય તે ઈસમોના નામ સરનામા તથા તેમની પાસેથી કેટલો અવેજ મેળવ્યો તેની વિગત.

– ઈન્ટરોગેટરીઝ અંગેનો ખર્ચ તથા પ્રો.ફી વાદીએ ભોગવવાનો રહેશે.

હુકમ આજ તા. ૨૪/૯/૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૨૪/૦૯/૨૦૧૫
સ્થળ : નડીઆદ.

**( ધર્મેન્દ બળવંતરાય જોષી)**
એડીશ્નલ સીવીલ જજ ,નડીઆદ.
**( કોડ નં.જી.જે.૦૦૭૨૫)**